# ધર્મપુત્ર

લેખક: લિયો ટૉલ્સ્ટૉય
(વાર્તા: ધર્મપુત્ર)
અનુવાદક: જિતેન્દ્ર દેસાઈ

એક ગરીબ ખેડૂતને ત્યાં પુત્રનો જન્મ થયો. આથી તે રાજી રાજી થઈ ગયો. તેના પાડોશી પાસે જઈ તેણે તેને પુત્રજન્મની વાત કરી અને એના ધર્મપિતા બનવા કહ્યું. પાડોશીએ ના પાડી. એક ગરીબ ખેડૂતના દીકરાના ધર્મપિતા બનવાનું તેને પસંદ નહોતું. ખેડૂતે બીજા પાડોશીને વિનંતી કરી જોઈ પણ તેણેય ના પાડી. પછી તો એ ગરીબ ખેડૂત આખું ગામ ફરી વળ્યો પણ તેના દીકરાના ધર્મપિતા બનવા માટે કોઈ તૈયાર થયું નહીં. આથી તે બીજે ગામ જવા નીકળ્યો. રસ્તામાં તેને એક માણસ મળ્યો, એણે તેને અટકાવીને પૂછ્યું,

"નમસ્તે ભાઈ! ક્યાં ચલાવ્યું ?"

"ભાઈ, શી વાત કરું? ઘડપણમાં સુખેથી પ્રભુસ્મરણ કરી શકું અને મરણ પછી મારું શ્રાધ્ધ કરી શકે એ માટે ઈશ્વરે મને આ યુવાનીમાં દીકરો આપ્યો. પરંતુ હું ગરીબ રહ્યો એટલે અમારા ગામમાં કોઈ મારા દીકરાનો ધર્મપિતા બનવા રાજી નથી. તેથી આ નજીકના ગામે જવા નીકળ્યો છું. ત્યાંથી મારા પુત્ર માટે ધર્મપિતા મળી રહેશે એવી આશા છે."

આ સાંભળી પેલા અજાણ્યા માણસે કહ્યું, " જો એમ જ છે, તો પછી મને જ તમારા પુત્રનો ધર્મપિતા કાં ન બનાવો?"

"અરે.... એથી રૂડું શું? એ માટે તમારો ક્યા શબ્દોમાં આભાર માનું? (પણ...... ધર્મમાતા કોણ બનશે? " તેણે ખચકાતાં ખચકાતાં પોતાની મુશ્કેલી રજૂ કરી.)

આ સાંભળી પેલા અજાણ્યા માણસે સહેજ વિચાર કરી કહ્યું, " તું નજીકના ગામમાં જા. સીધો ચોકમાં ચાલ્યો જજે. ત્યાં એક પથ્થરની બાંધણીવાળું મકાન છે. તેના ઓટલા પર દુકાન માંડેલી છે. એ દુકાનનો માલિક ગલ્લે બેઠો હશે. તેને કહેજે કે તમારી પુત્રીને મારા પુત્રની ધર્મમાતા બનાવો."

ગરીબ ખેડૂત આ વાત સ્વીકારતાં જરા મૂઝાયો. પેલાએ તેની મૂંઝવણ વાંચી લીધી અને પૂછ્યું, "બોલ, શી મૂંઝવણ છે?"

"એક પૈસાપાત્ર વેપારીને મારાથી આવું શી રીતે કહેવાય? તે મને ઊભોય નહીં રાખે. તેની દીકરીને મારા પુત્રની ધર્મમાતા બનાવવાનું તેને પસંદ નહીં પડે એમ મને લાગે છે."

"એની તું ચિંતા ન કરીશ. એ વેપારીને આજે સાંજે મળી લેજે. મળીને કહેજે કે તમારી દીકરીને મારા પુત્રની ધર્મમાતા બનાવી આભારી કરો. વિધિ માટે કાલે સવારનો સમય ઠીક રહેશે. તું આટલું કામ પતાવી લે, વિધિની તૈયારી કરી રાખ. કાલે સવારે હું સમયસર આવી પહોંચીશ."

ખેડૂત ઘરે ગયો અને વિધિ માટેની પૂરતી તૈયારી કરી સાંજ પડતાં નજીકને ગામ જવા નીકળ્યો. તે ઘોડાને સીધો ગામના ચોકમાં હાંકી ગયો. પેલા અજાણ્યા માણસે કહ્યું હતું તેમ ચોકમાં એક પથ્થરની બાંધણીવાળું મકાન હતું અને તેને ઓટલે દુકાન માંડેલી હતી. ખેડૂત ઘોડા પરથી ઉતરી ગયો અને

ઘોડાને હાથે દોરતો દોરતો દુકાનના ઓટલા સુધી આવી પહોંચ્યો, તે પેલા વેપારીને કંઈ પૂછે તે પહેલાં તો પેલા વેપારીએ જ સામેથી પૂછ્યું, ‘બોલ ભાઈ, શું જોઈએ છે?’


‘ભાઈ,એક વાત કરવી છે.ઘડપણમાં શાંતિથી પ્રભુભક્તિ કરી શકું અને મૃત્યુ પછી મારું શ્રાદ્ધ કરી શકે તે માટે ઈશ્વરે મને એક પુત્ર આપ્યો છે.તમારી પુત્રીને એની ધર્મમાતા બનાવો એવી મારી નમ્ર અરજ છે.’

‘વારુ, વિધિ ક્યારે રાખ્યી છે?’

‘કાલે સવારની પ્રાર્થના વખતે. હું પડખેના ગામમાં રહું છું.’

‘ભલે, સુખી રહો. મારી દીકરી કાલે સવારની પ્રાર્થના વખતે તમને ત્યાં મળશે.’

બીજે દિવસે સવારે પ્રાર્થનાસમયે દેવળમાં પેલો અજાણ્યો માણસ અને પેલા વેપારીની દીકરી દેવળમાં આવી પહોંચ્યાં. તેઓ ગરીબ ખેડૂતના દીકરાનાં ધર્મપિતા અને ધર્મમાતા બન્યાં. વિધિ સુખરૂપ પૂરી થયી. વિધિ પૂરી થતાં જ પેલો અજાણ્યો માણસ ત્યાંથી ચાલ્યો ગયો. કોણ હતો અને ક્યાંથી આવ્યો હતો તેની કોઈને ખબર સુધ્ધાં ન પડી. અને ત્યાર પછી પણ તે ક્યારેય ફરી જોવા ન મળ્યો.



દિવસ પર દિવસ પસાર થવા લાગ્યા. ખેડૂતનો દીકરો તો રાતે ન વધે તેટલો દિવસે વધે અને દિવસે ન વધે એટલો રાતે વધે. ખડતલ, ઉત્સાહી, ચપળ, હોશિયાર અને આજ્ઞાંકિત હતો. દસ વરસે તેનાં માબાપે તેને ભણવા માટે નિશાળે મૂક્યો. બીજાં છોકરાં પાંચ વરસમાં ભણે એટલું તો તેણે એક વરસમાં ભણી લીધું. વરસ બે વરસમાં તો એ પંડિત થઈ ગયો અને તેને માટે કંઈ ભણવાનું બાકી રહ્યું નહીં.નાતાલના તહેવાર આવ્યા. નાતાલમાં છોકરો તેની ધર્મમાતાને મળવા તેમ જ

નાતાલના પ્રણામ કરવા ગયો.ત્યાંથી પાછા આવીને તેણે તેનાં માતાપિતાને કહ્યું, 'હું મારાં ધર્મમાતાને તો મલી આવ્યો. પણ મારા ધર્મપિતા ક્યાં રહે છે તેની તો તમે મને વાત જ નથી કરી! મારે તેમેને પણ મળવું છે અને નાતાલના પ્રણામ કરવા છે.'

જવાબમાં તેના પિતાએ કહ્યું, 'બેટા, તારા ધર્મપિતા ક્યાં રહે છે તેને અમને પણ ભાળ નથી. એ માટે અમે ઘણી વાર અમારી જાતને ઠપકો આપ્યો છે. તે તારા ધર્મપિતા બનાવા તૈયાર થયા ત્યારે પણ હું તેમને ઓળખતો નહોતો અને પછી તો વિધિ પૂરો થયો કે તરત જ તેઓ અહીંથી ચાલી નીકળ્યા હતા. તે અત્યારે ક્યાં રહે છે અને હજુ જીવે છે કે કેમ તેની કંઈ જ ખબર નથી.'

છોકરો પોતાના પિતાની વાત સાંભળી સહેજ ગંભીર થઈ ગયો અને પછી કહ્યું, 'પિતાજી, મારે તેમને શોધી કાઢવા જોઈએ અને તેમને નાતાલના પ્રણામ કરવા જોઈએ. તમે રજા આપો તો હું તેમને ખોળી કાઢું.'

માતાપિતાએ તેને રોક્યો નહીં અને છોકરો તેના ધર્મપિતાની શોધમાં નીકળી પડ્યો.

છોકરો ચાલી નીકળ્યો. કલાકો સુધી ચાલ્યા બાદ રસ્તામાં તેને એક માણસ મળ્યો. આ માણસને તે ઓળખતો નહોતો તોય તેણે છોકરાને અટકાવીને પૂછ્યું, 'નમસ્તે દીકરા, ક્યાં ચાલ્યો?'

"હું મારાં ધર્મમાતાને મળી આવ્યો અને તેમને મારા નાતાલના પ્રણામ પણ કરી આવ્યો. ત્યાંથી પાછા આવી મેં મારા માતાપિતાને પૂછ્યું કે મારા ધર્મપિતાને મારે પ્રણામ કરવા છે, તેઓ ક્યાં રહે છે? તેમનું કહેવું છે કે, મારા ધર્મપિતા વિધિ પૂરો થયો કે તરત ત્યાંથી ચાલ્યા ગયા હતા. મારાં માતાપિતા આ અગાઉ તેમને ઓળખતાં નહોતાં. એટલું જ નહીં, તેઓ જીવે છે કે નહીં તેની પણ મારાં માતાપિતાને ભાળ નથી. પરંતુ મારે તો મારા ધર્મપિતાને મળવું જ છે, તેથી તેમની ભાળ કાઢવા નીકળ્યો છું'

પેલા અજાણ્યા માણસે કહ્યું, 'બેટા, હું જ તારો ધર્મપિતા છું.' છોકરો આ સાંભળી રાજી રાજી થઈ ગયો. તેણે તેના ધર્મપિતાને નમન કરી નાતાલના પ્રણામ કર્યા. પછી પૂછ્યું, 'પિતાજી, તમે આજે ક્યાં જવા નીકળ્યો છો? જો અમારા ગામ તરફ જતા હો તો અમારે ઘરે પધારો, અને જો તમારા ઘર તરફ પાછા ફરી રહ્યા હો તો મને તમારી સાથે તમારે ઘરે લઈ જાઓ.'

'બેટા, આજે તો તારે ઘરે આવવાનો મને સમય નથી. મારે ધંધાર્થે ઘણાં ગામોમાં ફરવું પડે છે, આજે તો હું પરગામ જવા નીકળ્યો છું. ત્યાંથી મારે ઘરે પાછો પહોંચી જઈશ. તું કાલે મને મારે ઘરે મળે તો સારું.'

'પણ મેં તમારું ઘર ક્યાં જોયું છે?'

'તો જો, ઘરેથી નીકળીને સૂર્યોદયની દિશામાં નાકની દાંડીએ સીધો ને સીધો ચાલ્યો આવજે. તું એક જંગલમાં આવી પહોંચીશ. જંગલમાં પણ સીધો ને સીધો ચાલ્યા કરજે, ને તું એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચીશ. આ મેદાનમાં પહોંચી તું આરામ કરવા માટે રોકાઈ જજે. આજુબાજુ શું બને છે તે જોતો રહેજે. જંગલને છેડે, જંગલથી દૂર તને એક બગીચો જોવા મળશે. આ બગીચામાં સોનાનાં નળિયાંવાળું એક મકાન છે. એ મકાન તે જ મારું ઘર. દરવાજા સુધી ચાલ્યો આવજે. ત્યાં હું તને સામે લેવા આવીશ.'

આટલું કહીને પેલા છોકરાનો ધર્મપિતા એકાએક અદ્રશ્ય થઈ ગયો !